## ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૩૩(૧)(બી) અન્વયે જાહેરનામુ

ક્રમાંક:એમએજી/જાહેરનામુ/વશી/૩૫૪૮/૨૦૨૩
૩૫૭૦
એકસ્ટ્રા ચીટનીશ શાખા,
જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,ભરૂચ.
તારીખ– ૨૯/૦૪/૨૦૨૩

**વાંચ્યો :–**

(૧) મુખ્ય અધિકારીશ્રી,ભરૂચ નગરપાલિકા,ભરૂચના પત્રક્રમાંક/પ.વ.ડી./૮૫ થી ૮૬,તા.૨૭/૦૪/૨૦૨૩

(૨) પોલીસ ઈન્સ્પેકટરશ્રી,એલ.આઈ.બી., ભરૂચના પત્ર ક્રમાંકઃ– એલ.આઈ.બી./ અભિપ્રાય/૧૫૪૭/૨૦૨૩,તા.૨૯/૦૪/૨૦૨૩.

**હુકમ :–**

મુખ્ય અધિકારીશ્રી,ભરૂચ નગરપાલિકા,ભરૂચના આમુખ–(૧) ના પત્રથી પાંચબત્તીથી સેવાશ્રમ થઈ શકિતનાથ અંડરબ્રીજ સુધીના રસ્તા પર પેવર બ્લોક બેસાડવાનું કામ ચાલુ કરવાનું થતું હોઈ **તા.૦૧/૦૫/૨૦૨૩ થી તા.૩૧/૦૫/૨૦૨૩ સુધી** રસ્તો વન–વે કરવા બાબતે ઘટતી કાર્યવાહી કરવા અત્રે અરજી કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી,ભરૂચ પાસે જરૂરી અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ભરૂચના આદેશાનુસાર પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી.,ભરૂચએ આમુખ–(૨) ના પત્રથી તા.૦૧/૦૫/૨૦૨૩ થી તા.૩૧/૦૫/૨૦૨૩ સુધી પાંચબત્તીથી સેવાશ્રમ થઈ શકિતનાથ અંડરબ્રીજ સુધી મુખ્ય રસ્તા પર પેવર બ્લોક બેસાડવાની કામગીરી દરમ્યાન નીચે જણાવેલ વૈકલ્પિક રૂટ પરથી વાહનો જઈ શકે તેમ હોય, જેથી વન વે રૂટ ઉપરથી વાહન વ્યવહાર ડાયવર્ટ કરવાના અભિપ્રાય સહીત અત્રે દરખાસ્ત રજુ કરેલ છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ.ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ **તા.૦૧/૦૫/૨૦૨૩ થી તા.૩૧/૦૫/૨૦૨૩** પાંચબત્તીથી સેવાશ્રમ થઈ શકિતનાથ અંડરબ્રીજ સુધીના રસ્તા પર વાહન વ્યવહાર માટે સદરહુ રસ્તો વનવે રૂટ કરવા આથી હુકમ કરું છું.

**સદહુ રસ્તો વન વે થવાથી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.**

શકિતનાથ સર્કલથી પાંચબત્તી તથા રેલ્વે સ્ટેશન તરફ જવા માટેનો વાહન વ્યવહાર મહાવીર સોસાયટી, ગીતાપાર્ક,પુનિત સોસાયટી,સિવિલ રોડ,શાલીમાર ત્રણ રસ્તા થઈ પાંચબત્તી તેમજ રેલ્વે સ્ટેશન તરફ જઈ શકશે.

E:\KHUSHI-2019\JAHERNAMA\ROOT DIVERSION-2022.docx

## શિક્ષા

આ જાહેરનામાના આદેશનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૯/૦૪/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

(એન.આર.ધાધલ)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
ભરૂચ

નકલ જય ભારત સહ રવાનાઃ—

—જીલ્લા વિકાસ અધિકારીશ્રી,ભરૂચ તરફ.
— પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ તરફ.
 ર/—જાણ તથા અમલ થવા સારું.
— સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ તરફ
— નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ તરફ
— મામલતદારશ્રી, ભરૂચ (ગ્રામ્ય, શહેર) તરફ.
— કાર્યપાલક ઈજનેરશ્રી, (મા×મ) વિભાગ, સ્ટેટ,ભરૂચ તરફ જાણ તથા અમલવારી કરવા અર્થે.
— નાયબ માહિતી નિયામકશ્રી ભરૂચ, તરફ
 ર/— આ કામે સ્થાનિક ટીવી ચેનલ મારફત તથા દૈનિક વર્તમાનપત્રો મારફત પ્રસિધ્ધિ સારૂ.
— મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા તરફ.
 ર/— આ કામે સરકારી ગેઝેટ પ્રસિધ્ધ કરી તેની પાંચ પ્રતો અત્રે મોકલી આપવા વિનંતી છે.
— સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ભરૂચ તરફ.
— જીલ્લા ટ્રાફીક પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ભરૂચ તરફ.
 ર/— જાણ તથા ટ્રાફિક નિયમની વ્યવસ્થા કરવા માટે અમલ કરવા સારું.
— મુખ્ય અધિકારીશ્રી, ભરૂચ નગર પાલીકા, ભરૂચ તરફ જાણ તથા જરુરી અમલ થવા સારુ.